MANOGAT • Year 42 • Issue 3 • 10 May 2023 • Vaishakh Vad 5, Samvat 2079 • Yugabd 5125 • Price : Rs. 5/- • Pages : 28




# मनोगत



## સફળ, સક્ષમ, સમર્થ અને સાર્થક નવ વર્ષ


# સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ







Year : 42, Issue : 3, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારનાં સફળ, સક્ષમ, સમર્થ અને સાર્થક નવ વર્ષ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આગામી ૩૦ મેના દિને માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારનાં ૯ વર્ષ થઈ રહ્યાં છે. ૯ વર્ષ પહેલાનું ભારત કેવું હતું ? ચારે બાજુ કૌભાંડો, ભ્રષ્ટાચાર, ખોરંભે પડેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામો, અનિશ્ચિત પોલિસીઓ, ગમે ત્યાં અને ગમે ત્યારે થતી આતંકવાદી ભયાવહ ઘટનાઓ, દેશની સતત સળગતી સરહદો, રાજ્યો-રાજ્યો વચ્ચેના ચરમસીમાએ પહોંચેલા ઝઘડાઓ, પડોશી દેશોની દાદાગીરીઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે બિચારું અને બાપડું બની ગયેલું હિન્દુસ્તાન !

અને આજે,

આજે આપણે કશું બોલવું જ નહીં પડે. દેશના લોકો જ કહેશે કે, ચોતરફ દરરોજ બની રહેલા રોજના ૩૮ કિ.મી.ના વિશાળ-પાકા હાઈવે, દેશભરમાં 'વંદે ભારત' ટ્રેનો (૧૦ હજાર નવા કોચ બન્યા) અને મેટ્રો ટ્રેનો, પ્રત્યેક ક્ષેત્રમાં વિકાસનું કોઈ ને કોઈ નવું કાર્ય. આતંકવાદ તો છોડો — આતંકવાદના ઉદ્‌ગમ સ્થાનો પર તેઓના ઘરમાં જઈને માર્યા ! સીમા સરહદના વિવાદનો ઉકેલ, શ્રેષ્ઠ વિદેશનીતિ અને વિશ્વભરમાં પ્રત્યેક ભારતીય પોતાને ગૌરવભેર 'હિન્દુસ્તાની' કહી શકે તેવી મજબૂત, અસરકારક અને ઐતિહાસિક આબરૂ ઊભી થઈ છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે માન. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પ્રામાણિકપણે પારદર્શક સુશાસનની વ્યવસ્થાએ જે કરવટ બદલી છે તેના કારણે સમગ્ર દેશમાં પરિવર્તનની સાચા અર્થમાં હકારાત્મક ગંગા આજે વહી રહી છે. આપણા સૌ માટે ગૌરવની બાબત એ છે કે, ૩૭૦મી કલમ રદ કરવાનું આપણું વચન આપણે પૂર્ણ કર્યું. તીન તલાક રદ કરીને કોમન સિવિલ કોડની દિશામાં અત્યંત મહત્ત્વનું પગલું ભર્યું અને ભગવાન રામનું મંદિર ભગવાનના જન્મસ્થળે જ બાંધવાની કરોડો લોકોની શ્રદ્ધાસમું ભવ્ય મંદિર પણ આજે અયોધ્યામાં નિર્માણ પામી રહ્યું છે. આ બાબતો વર્ષો કે દાયકાઓ માટે જ અગત્યની બાબતો નથી. આ બાબતોએ શતાબ્દીઓના ઇતિહાસનું પુનરુત્થાન કર્યું છે અને એટલે જ આપણે કહી શકીએ કે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સૌના સાથ અને સૌના સહકારથી મા ભારતી - વિશ્વગુરુ બની રહી છે અને આ સદી ભારતની સદી તરીકે પ્રસ્થાપિત થશે જ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# ‘મન કી બાત’ (100મી કડી)



## ‘મન કી બાત’ની કમાન ભારતના લોકો, ભારતમાં આસ્થા રાખનારા લોકો સંભાળી રહ્યા છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર.

આજે ‘મન કી બાત’ની સોમી કડી છે. મને તમારા બધાના હજારો પત્રો મળ્યા છે. લાખો સંદેશાઓ મળ્યા છે અને મેં પ્રયાસ કર્યો છે કે વધુમાં વધુ પત્રોને વાંચું, જોઉં. સંદેશાઓને જરા સમજવાનો પ્રયાસ કરું. તમારા પત્રો વાંચીને અનેક વાર હું ભાવુક થયો, ભાવસભર થઈ ગયો, ભાવનાઓમાં વહી ગયો અને પછી પોતાને સંભાળી પણ લીધો. તમે મને ‘મન કી બાત’ના સોમા હપ્તા માટે વધામણી આપી છે પરંતુ હું સાચા હૃદયથી કહું છું કે વાસ્તવમાં વધામણીને પાત્ર તો તમે સહુ ‘મન કી બાત’ના શ્રોતા છો, આપણા દેશવાસી છો. ‘મન કી બાત’ કોટિ–કોટિ ભારતીયોના ‘મન કી બાત’ છે, તેમની ભાવનાની અભિવ્યક્તિ છે.

‘મન કી બાત’એ મને આ પડકારનું સમાધાન આપ્યું, સામાન્ય માનવી સાથે જોડાવાનો માર્ગ આપ્યો. પદભાર અને પ્રૉટોકૉલ, વ્યવસ્થા સુધી જ સીમિત રહ્યો અને જનભાવ, કોટિ–કોટિ જનોની સાથે, મારો ભાવ, વિશ્વનો અતૂટ અંગ બની ગયો. દર મહિને દેશના લોકોના હજારો સંદેશાઓ વાંચું છું, દર મહિને દેશવાસીઓના એક–એકથી ચડિયાતાં અદ્‌ભુત સ્વરૂપનાં દર્શન કરું છું. હું દેશવાસીઓના તપ–ત્યાગની પરાકાષ્ઠાને જોઉં છું, અનુભવું છું. મને લાગતું જ નથી કે હું તમારાથી થોડો પણ દૂર છું. મારા માટે ‘મન કી બાત’ એ એક કાર્યક્રમ નથી, મારા માટે એક આસ્થા, પૂજા, વ્રત છે. જેવી રીતે લોકો ઈશ્વરની પૂજા કરે છે, તો પ્રસાદનો થાળ લાવે છે, મારા માટે ‘મન કી બાત’ ઈશ્વર રૂપી જનતા જનાર્દનનાં ચરણોમાં પ્રસાદના થાળ જેવો હોય છે. ‘મન કી બાત’ મારા માટે મનની આધ્યાત્મિક યાત્રા બની ગઈ છે.

‘મન કી બાત’ સ્વથી સમષ્ટિની યાત્રા છે.

‘મન કી બાત’ અહમ્‌થી વયમ્‌ની યાત્રા છે.

આ તો હું નહીં, તું જ, એની સંસ્કારસાધના છે.

તમે કલ્પના કરો, મારો કોઈ દેશવાસી 40-40 વર્ષથી નિર્જન પહાડી અને ઉજ્જડ જમીન પર ઝાડ રોપી રહ્યો છે, અનેક લોકો 30-30 વર્ષથી જળ સંરક્ષણ માટે વાવ અને તળાવ બનાવી રહ્યા છે, તેમની સફાઈ કરી રહ્યા છે. કોઈ 25-30 વર્ષથી નિર્ધન બાળકોને ભણાવી રહ્યું છે, કોઈ ગરીબોના ઉપચારમાં મદદ કરી રહ્યું છે. કેટલીય વાર ‘મન કી બાત’માં તેમનો ઉલ્લેખ કરતાં હું



## 'મન કી બાત' – 100મી આવૃત્તિ



# 'મન કી બાત' મારફતે સમાજમાં સકારાત્મકતાની ભાવના વધી છે – ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી

આજે લોકપ્રિય થઈ ચૂકેલો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રેરક કાર્યક્રમ 'મન કી બાત' મહત્ત્વપૂર્ણ પડાવ પર પહોંચી ગયો છે, જ્યારે તેના 100 એપિસોડ પૂરા થશે. દેશમાં 'મન કી બાત' કાર્યક્રમ દરેક ખૂણા અને ગલીમાં પહોંચ્યો છે અને કાનોમાં તેની ગૂંજ પણ સંભળાય છે. આ ભારતની વાત છે. ભારતના મનની વાત છે. આ જનભાગીદારીની અભિવ્યક્તિ માટેનું એક અદ્દભુત પ્લેટફોર્મ છે. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે વડાપ્રધાન મોદીએ ક્યારેય પણ આ કાર્યક્રમમાં રાજકીય વાત નથી કરી તેમજ રાજકીય ઉદ્દેશ્યો માટે પણ મંચનો ઉપયોગ કર્યો નથી. દેશ અને સમાજને એક કાર્યક્રમના માધ્યમથી એક સૂત્રમાં કઇ રીતે બાંધી શકાય તે માટે 'મન કી બાત' ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. હું રાજા રામમોહન રાય, મહાત્મા ગાંધી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જ્યોતિબા ફૂલે, બાબા આંબેડકર અને જયપ્રકાશ નારાયણજીને વાંચીને, તેમના સંબોધન સાંભળીને મોટો થયો છું. કઈ રીતે તેઓની હાકલ સમાજમાં પરિવર્તન માટે પ્રેરક બની અને કઈ રીતે તેઓએ હાંસિયામાં રાષ્ટ્રીય અધ્યક્ષ, ભાજપ રહેલા લોકોને અવાજ આપ્યો, તે આપણે શીખવું જોઈએ અને તેનો અનુભવ કર્યો છે.

હું હંમેશા વિચારતો હતો કે આધુનિક ભારતમાં શું કોઈ એવી વ્યક્તિત્વનો ઉદય થશે. જે સમાજને આગળ વધવા માટેની રાહ ચીંધશે તેમજ સમાજને પણ એક તાંતણે બાંધશે. મને લાંબા સમય સુધી મોદીજી સાથે કામ કરવાની તક સાંપડી છે. મને પ્રત્યક્ષ અનુભવ છે કે મોદીજી બહુવિધ પ્રતિભા ધરાવે છે, તેઓ એક સમાજ સુધારક ઉપરાંત બાળકોના વાલી, શિક્ષક અને એક સંવેદનશીલ રાજનેતા પણ છે. દેશને વિકાસપથ પર આગળ લઈ જનારા મહાનાયક પણ છે. એટલે જ જ્યારે તેઓ 'મન કી બાત' કાર્યક્રમ રજૂ કરે છે ત્યારે તેનો સકારાત્મક પ્રભાવ જોવા મળે છે. રમતની વાત હોય કે પછી રમકડાંની, યોગની વાત હોય કે જળ સંરક્ષણની હોય, 'મન કી બાત' કાર્યક્રમે લોકોના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

વડાપ્રધાને 'મન કી બાત'માં સંસ્કૃતિ, રમત, કળા, પરીક્ષા, જળસંરક્ષણ, વનસંરક્ષણ અને પોતાના જીવનના દીવડાની માફક પ્રજ્વલિત સમાજના ઉત્થાન માટે પુરુષાર્થ કરનારા લોકોની ચર્ચા કરીને સામાન્ય જનતામાં પ્રેરણાનો સંદેશ પણ આપ્યો હતો. આજે દેશવાસીઓને પણ એવું લાગે છે કે મોદી એવા પહેલા વડાપ્રધાન છે જેમણે જમ્મુ-કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને કચ્છથી લઈને પૂર્વોત્તર, દરેક સ્થળની સંસ્કૃતિથી તેઓને પરિચિત કર્યા છે. 'મન કી બાત' કાર્યક્રમે કોરોના વેક્સિનેશન દરમિયાન સમાજને એકજૂટ રાખવામાં તેમજ કોરોના વિરુદ્ધ ભારતની નિર્ણાયક લડતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. 'મન કી બાત' મારફતે વડાપ્રધાન મોદી સતત તે વ્યક્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો જેઓએ મહત્ત્વપૂર્ણ રીતે આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ પ્રભાવ પાડ્યો હોય અને દેશને ગૌરવાન્તિત કર્યો હોય. વિપક્ષે 'મન કી બાત' કાર્યક્રમની પણ મજાક કરી હતી.

દેશની જનતામાં 'મન કી બાત' કાર્યક્રમને લઈને કેટલો ઉત્સાહ રહે છે, તે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, રોહતકના સરવેથી સ્પષ્ટ થાય છે. સરવે અનુસાર 100 કરોડથી વધુ લોકો 'મન કી બાત'ને સાંભળી ચૂક્યા છે અને સાંભળ્યા બાદ 60% લોકો રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ થયા છે. 'મન કી છે કે તેનાથી સમાજમાં સકારાત્મકતાની ભાવના વધી છે. જ્યારે 'મન કી બાત' કાર્યક્રમ સાંભળીએ છીએ ત્યારે ખબર પડે છે કે તમારી ભાષામાં તમારા જ પોતાના કોઈ વાત કરી રહ્યા છે અને આંગળી પકડીને તમને આગળ વધવા માટે પ્રેરિત કરે છે.







ભાવુક બની ગયો છું. આકાશવાણીના સાથીઓને અનેક વાર તેને ફરીથી રેકૉર્ડ કરવું પડ્યું છે. આજે, જૂનું કેટલું બધું, આંખો સામે આવી રહ્યું છે. દેશવાસીઓના આ પ્રયાસોએ મને સતત પોતાની જાતને ખૂંપાવવાની પ્રેરણા આપી છે.

સાથીઓ, આપણા દેશમાં આવા કેટલાય પ્રતિભાશાળી લોકો છે, જે પોતાની મહેનતના જોરે સફળતાના શિખર સુધી પહોંચ્યા છે. મને યાદ છે, વિશાખાપટ્ટનમના વેંકટ મુરલી પ્રસાદજીએ એક આત્મનિર્ભર ભારત chart share કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ વધુમાં વધુ ભારતીય ઉત્પાદનોનો જ ઉપયોગ કરશે.

સાથીઓ, તમને યાદ હશે, કેટલાક હપ્તા પહેલાં મેં મણિપુરનાં બહેન વિજયશાંતિ દેવીજીનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિજયશાંતિજી કમળના રેસાઓથી કપડાં બનાવે છે. 'મન કી બાત'માં તેમના આ અનોખા eco friendly ideaની વાત થઈ તો તેમનું કામ વધુ popular થઈ ગયું.

વાત શિક્ષણની હોય કે સંસ્કૃતિની, તેના સંરક્ષણની વાત હોય કે સંવર્ધનની, ભારતની આ પ્રાચીન પરંપરા રહી છે. તે દિશામાં આજે દેશ જે કામ કરી રહ્યો છે, તે ખૂબ જ પ્રશંસનીય છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ હોય કે પ્રાદેશિક ભાષામાં અભ્યાસનો વિકલ્પ હોય, શિક્ષણમાં ટેક્નૉલૉજીનો સમાવેશ/એકીકરણ હોય, તમને આવા અનેક પ્રયાસ જોવા મળશે. વર્ષો પહેલાં, ગુજરાતમાં વધુ સારું શિક્ષણ આપવા અને ડ્રૉપઆઉટ રેટને ઓછો કરવા માટે 'ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' જેવા કાર્યક્રમ જનભાગીદારીના એક અદ્ભુત ઉદાહરણ બની ગયાં હતાં. 'મન કી બાત'માં આપણે આવા કેટલાય લોકોના પ્રયાસોને હાઈલાઇટ કર્યા છે, જે નિઃસ્વાર્થ ભાવથી શિક્ષણ માટે કામ કરી રહ્યા છે. તમને યાદ હશે, એક વાર આપણે


































ઓડિશામાં રેંકડીમાં ચા વેચનારા સ્વર્ગીય ડી. પ્રકાશરાવજી વિશે ચર્ચા કરી હતી, જે ગરીબ બાળકોને ભણાવવાના મિશન પર લાગેલા હતા.

મારા પ્રિય દેશવાસીઓ, આપણા ઉપનિષદોનો એક મંત્ર સદીઓથી આપણા માનસને પ્રેરણા આપતો આવ્યો છે.

चरैवेति चरैवेति चरैवेति ।

ચાલતા રહો – ચાલતા રહો – ચાલતા રહો.

આજે આપણે આ ચરૈવેતિ ચરૈવેતિની ભાવના સાથે 'મન કી બાત'નો ૧૦૦મો એપિસોડ પૂરો કરી રહ્યા છીએ. ભારતના સામાજિક તાણાવાણાને મજબૂતી આપવામાં 'મન કી બાત' કોઈ પણ માળાના દોરાની જેમ છે, જે દરેકના મનને જોડીને રાખે છે. દરેક એપિસોડમાં દેશવાસીઓની સેવા અને સામર્થ્યએ બીજાને પ્રેરણા આપી છે. આ કાર્યક્રમમાં દરેક દેશવાસી બીજા દેશવાસીની પ્રેરણા બને છે. એક રીતે, 'મન કી બાત'નો દરેક એપિસોડ બીજા એપિસોડ માટે ભૂમિકા તૈયાર કરે છે. 'મન કી બાત' હંમેશાં સદ્‌ભાવના, સેવાભાવના અને કર્તવ્યભાવનાથી જ આગળ વધી છે. સ્વતંત્રતાના અમૃત કાળમાં આ પૉઝિટિવિટી દેશને આગળ લઈ જશે, નવી ઊંચાઈ પર લઈ જશે અને મને આનંદ છે કે 'મન કી બાત'માં જે શરૂઆત થઈ, તે આજે દેશની નવી પરંપરા પણ બની રહી છે. એક એવી પરંપરા જેમાં આપણને બધાના પ્રયાસની ભાવનાનાં દર્શન થાય છે.

તે બધાનો હું આભાર વ્યક્ત કરું છું અને અંતમાં, હું તેમનો પણ આભાર વ્યક્ત કરીશ જે 'મન કી બાત'ની કમાન સંભાળી રહ્યા છે – ભારતના લોકો, ભારતમાં આસ્થા રાખનારા લોકો. આ બધું તમારી પ્રેરણા અને શક્તિથી જ સંભવ થઈ શક્યું છે.

સાથીઓ, આમ તો મારા મનમાં આજે એટલું બધું કહેવા માટે છે કે સમય અને શબ્દ બંને ઓછા પડે છે. પરંતુ મને વિશ્વાસ છે કે તમે બધાં, મારા ભાવોને સમજશો, મારી ભાવનાઓને સમજશો. તમારા પરિવારના જ એક સભ્ય તરીકે 'મન કી બાત'ના સહારે તમારી વચ્ચે રહ્યો છું, તમારી વચ્ચે રહીશ. આગલા મહિને આપણે એક વાર ફરી મળીશું. ફરીથી નવા વિષયો અને નવી જાણકારીઓ સાથે દેશવાસીઓની સફળતાને સેલિબ્રેટ કરીશું. ત્યાં સુધી મને વિદાય આપો અને તમારું તેમજ તમારા પોતાના લોકોનું ખૂબ જ ધ્યાન રાખજો.

ખૂબ–ખૂબ ધન્યવાદ.

નમસ્કાર.



**મન કી બાતના પ્લેટફોર્મ દ્વારા દેશની સકારાત્મક ઊર્જા, સર્જનાત્મક શક્તિ અને આધ્યાત્મિક શક્તિને એક પ્લેટફોર્મ પૂરું પાડીને લોકશાહીના મંત્રને છેવાડાના નાગરિક સુધી પહોંચાડ્યો છે**




# મન કી બાતના એક પણ પ્રસારણમાં પ્રધાનમંત્રીએ કોઈ પણ રાજકીય વાત કરી નથી

## - કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હીમાં 'રાષ્ટ્રીય કોન્ક્લેવઃ મન કી બાત@100'ના સમાપન સમારોહને મુખ્ય અતિથિ તરીકે સંબોધિત કર્યો હતો.

પોતાના સંબોધનમાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આજે એક ઐતિહાસિક દિવસ છે જ્યારે મન કી બાત તેના 100મા એપિસોડ પર પહોંચી રહી છે. જે ભારત જેવા મોટા દેશની પ્રગતિને આગળ વધારવા અને લોકશાહીના પાયાને મજબૂત કરવામાં લોકોના યોગદાનને માન્યતા આપવાનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અદ્‌ભુત પ્રયોગ છે. તેમણે કહ્યું કે લોકશાહીમાં જનસંચારનાં ઘણાં માધ્યમો છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત દ્વારા લોકો સાથે જોડાવા માટે ઓલ ઇન્ડિયા રેડિયો પસંદ કર્યો. તેમણે કહ્યું કે ઓલ ઇન્ડિયા રેડિયો એ ભારતના લોકોના આત્માનો અવાજ છે. તેમણે જણાવ્યું હતું કે બદલાતા સમય અને સંદેશાવ્યવહારનાં વિવિધ માધ્યમોને કારણે લોકો ઓલ ઇન્ડિયા રેડિયોને લગભગ ભૂલી ગયા છે, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત દ્વારા યુવા પેઢીને જોડ્યા છે અને ઓલ ઇન્ડિયા



રેડિયોને નવી જીવનશૈલી આપી છે. તેમણે કહ્યું કે શ્રી મોદીએ ઓલ ઇન્ડિયા રેડિયોને સંદેશાવ્યવહારનું માધ્યમ બનાવ્યું અને તેને દેશના દરેક ઘર અને ગામડા સુધી પહોંચાડ્યું.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીએ કહ્યું કે આ અદ્ભુત કાર્યક્રમ લોકશાહીના પાયા પર ઊભો છે અને લોકશાહીનાં મુખ્ય પાસાંઓ પૈકી એક છે. જનતા અને નેતા વચ્ચેનો સંવાદ, આ સંવાદ જેટલો મજબૂત અને અર્થપૂર્ણ હશે, તેટલો જ લોકશાહીનો પાયો વધુ મજબૂત અને સફળ થશે. તેમણે કહ્યું કે લોકશાહીનું ફળ ત્યારે જ મળી શકે છે જ્યારે નેતા અને જનતા વચ્ચે સંવાદ હોય. તેમણે કહ્યું કે આ એવો અનોખો કાર્યક્રમ છે જેમાં દેશના વડાપ્રધાન સંવાદ કરી રહ્યા છે. નવ વર્ષથી તેઓ જનતા સાથે છે પરંતુ એક પણ રાજકીય વાત કરી નથી. તેમણે કહ્યું કે આ કાર્યક્રમમાં શ્રી મોદીએ દેશની સકારાત્મક ઊર્જા, સર્જનાત્મક શક્તિ અને આધ્યાત્મિક શક્તિને એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. તેમણે કહ્યું કે જે દેશમાં આ શક્તિઓ એકીકૃત અને પુરસ્કૃત ન હોય ત્યાં લોકશાહી ક્યારેય સફળ થઈ શકે નહીં. તેમણે કહ્યું કે શ્રી મોદીએ મન કી બાતના 99 એપિસોડ દ્વારા લોકશાહીના આ મંત્રને તળિયા સુધી પહોંચાડ્યો છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે શ્રી મોદીએ પદ્મ પુરસ્કારોનું લોકશાહીકરણ કર્યું છે, જે અગાઉ ભલામણો પર આધારિત હતા. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લોકશાહીમાં આ વિશાળ પરિવર્તન લાવ્યા છે. તેમણે કહ્યું કે મન કી બાત દ્વારા શ્રી મોદી સમાજની અંદર નાના-મોટા પ્રયોગો કરનારા, અનેક ક્ષેત્રોમાં યોગદાન આપનારા, સમાજને સકારાત્મક દૃષ્ટિકોણથી જોનારા અને સમાજને, જનતાને સાચી દિશા આપનારા ઘણા લોકો અને સંસ્થાઓને આગળ લઈ ગયા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાતનો ઉપયોગ સમાજને સશક્ત બનાવવા માટે કર્યો હતો અને ઓલ ઇન્ડિયા રેડિયોને એક નવું જીવન આપ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય રાજનીતિમાં સંચાર કૌશલ્યને ખૂબ સારી રીતે સંકલિત કર્યું છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એક પરફેક્ટ કોમ્યુનિકેટર છે અને તેમના જેવા કોમ્યુનિકેશન કૌશલ્ય ધરાવતા નેતા વિશ્વભરમાં ભાગ્યે જ જોવા મળે



છે. તેમણે કહ્યું કે મન કી બાતના 99 એપિસોડની સામગ્રીમાં ક્યાંય રાજકીય ઉદ્દેશ્ય દેખાતો નથી અને તેનો હેતુ સંપૂર્ણપણે સમાજને મજબૂત કરવાનો છે. દેશની દરેક ભાષામાં 'મન કી બાત' કાર્યક્રમ દેશના કરોડો લોકો માટે પ્રેરણાસ્રોત સાબિત થઈ





રહ્યો છે. મન કી બાત સમગ્ર ભારતમાં પણ હાજરી ધરાવે છે. તેમણે કહ્યું કે લદ્દાખ અને લક્ષદ્વીપથી લઈને પૂર્વોત્તર અને પંજાબ સુધી, ખેડૂતોથી લઈને વિજ્ઞાન સુધી, સ્વસહાય જૂથોથી લઈને સ્ટાર્ટઅપ સુધી અને સહકારી સંસ્થાઓથી લઈને અંતરિક્ષ સુધી, આ કાર્યક્રમ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્તિઓ, સંસ્થાઓ તેમજ દરેક ક્ષેત્રને આવરી





લેવાનો ખૂબ જ સફળ પ્રયાસ કર્યો છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે 3 ઓક્ટોબર, 2014ના રોજ શરૂ થયેલ મન કી બાત કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયોના 501 રેડિયો સ્ટેશનો દ્વારા 23 ભાષાઓ અને 29 બોલીઓમાં લોકો સાંભળે છે. આ સિવાય તે 11 વિદેશી ભાષાઓમાં પણ પ્રસારિત થાય છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનજાગૃતિ અને સામાજિક પરિવર્તનને લગતી ઘણી પહેલોની સફળતા સુનિશ્ચિત કરી છે જેમ કે, સ્વચ્છ ભારત, ફિટ ઇન્ડિયા, બેટી બચાવો-બેટી પઢાવો, જળ-સંરક્ષણ, સ્થાનિક માટે અવાજ, સ્વનિર્ભર ભારત, સુગમ્ય ભારત અને આ કાર્યક્રમ દ્વારા સાંસ્કૃતિક વારસાનો પ્રચાર. તેમણે કહ્યું કે આ કાર્યક્રમો ભારતને પ્રગતિ અને સામાજિક પરિવર્તનના માર્ગ પર લઈ જઈ રહ્યા છે. આઈઆઈએમ-રોહતકના સર્વેક્ષણને ટાંકીને તેમણે કહ્યું કે મન કી બાત સાંભળનારા 62 ટકા લોકો 19 થી 34 વર્ષની વયજૂથના છે. દેશની યુવા પેઢી ઓલ ઇન્ડિયા રેડિયો સાથે જોડાઈ રહી છે. વધુમાં, લગભગ 23 કરોડ લોકો દરેક એપિસોડ સાથે જોડાયા છે અને દેશમાં લગભગ 100 કરોડ લોકોએ ઓછામાં ઓછું એકવાર મન કી બાત સાંભળી છે, જે કાર્યક્રમની વિશાળ પહોંચ દર્શાવે છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આ પ્રયાસ ફળદાયી સાબિત થયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એવા નેતા છે જે દરેક સમસ્યાને તકમાં કેવી રીતે રૂપાંતરિત કરવાનું જાણે છે. તેમણે કહ્યું કે વિશ્વભરની સરકારો કોવિડ-19 સામે લડ્યા, પરંતુ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર, રાજ્ય સરકારો અને 130 કરોડ લોકોએ સાથે મળીને આ લડાઈ લડી છે. તેમણે કહ્યું કે નાના કાર્યક્રમો, પ્રયાસો અને પહેલ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોને આ લડત સાથે જોડ્યા છે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોવિડ-19 સામેની લડાઈને 130 કરોડ લોકોની સામૂહિક લડાઈમાં ફેરવી દીધી અને મન કી બાત કાર્યક્રમે આમાં મોટી ભૂમિકા ભજવી.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે




700થી વધુ યોગદાનકર્તાઓ અને 270 સંસ્થાઓને પ્રોત્સાહિત કરીને, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમનામાં સમાજમાં યોગદાન આપવા માટે પ્રેરણા અને વિશ્વાસ જગાડ્યો છે. તેમણે કહ્યું હતું કે મન કી બાત કાર્યક્રમે "વસુધૈવ કુટુંબકમ્"ના ખ્યાલને સાકાર કર્યો છે અને આર્જેન્ટિના, મંગોલિયા, ઑસ્ટ્રેલિયા, માલી, ગ્રીસ, ઓમાન, ગયાના અને જાપાન સહિતના ઘણા દેશોમાં પહોંચ્યા છે. તેમણે કહ્યું કે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંચાર કૌશલ્યમાં 4 મુખ્ય સ્તંભો છે - તે ભાવનાત્મક, આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે આ એક પરફેક્ટ કોમ્યુનિકેશન છે, જેનો અર્થ છે પી-પીસ, ઇ-એમ્પાવરમેન્ટ, આર-રિફ્લેક્ટિવ, એફ-ફેસ્ટિવ, ઇ-ઇકોનોમિક ડેવલપમેન્ટ, સી-કેરિંગ અને ટી-થોટફુલ.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે નવેમ્બર, 2022ના મન કી બાતના એપિસોડમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G-20ના ભારતના અધ્યક્ષપદ વિશે વાત કરી હતી અને વસુધૈવ કુટુંબકમ્‌ની વિભાવનાને ઉજાગર કરતી વિશ્વશાંતિ માટે અપીલ કરી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ તેમની મન કી બાત દરમિયાન આધ્યાત્મિક અને વિશ્વશાંતિના દ્વૈત વિશે વાત કરી છે અને આપણા પુરાણોનાં રહસ્યો લોકો સમક્ષ મૂક્યાં છે. 92મા એપિસોડ દરમિયાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પોષણ માહ'ના અવલોકન દ્વારા લોકોમાં કુપોષણના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સ્ટાર્ટઅપ ઇન્ડિયા વિશેની ગેરસમજને દૂર કરી છે અને મન કી બાત દ્વારા સહકારી ચળવળને વેગ આપવાનું કામ કર્યું છે.

તેમણે કહ્યું હતું કે મન કી બાત દ્વારા કરોડો લોકોને સન્માનિત કરવામાં આવ્યા હતા અને તેઓને દિવ્યાંગ તરીકે ઓળખાવીને સમાજની પ્રગતિ સાથે જોડવામાં આવ્યા હતા, 'વિકલાંગ' તરીકે નહીં. તેમણે કહ્યું કે મન કી બાતમાં ભારતના અનેક તહેવારોનો ઉલ્લેખ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત, શ્રેષ્ઠ ભારતની કલ્પનાને સાકાર કરવાનો પ્રયાસ કર્યો છે. 24 સપ્ટેમ્બર, 2017ના



એપિસોડ દરમિયાન વડાપ્રધાન મોદીએ ઉલ્લેખ કર્યો હતો કે ખાદી માત્ર એક કપડું નથી પરંતુ એક વિચાર છે અને મહાત્મા ગાંધી પછી આ વિચારને સૌથી વધુ લોકપ્રિય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત દ્વારા ગ્રામીણ









અર્થવ્યવસ્થાને વેગ આપ્યો છે. તેમણે કહ્યું કે જ્યારે પીએમ મોદીએ ભારતીય રમકડાં વિશે વાત કરી ત્યારે રમકડાંની આયાત 2018-19માં $371 મિલિયનથી 70% ઘટીને 2021-22માં $110 મિલિયન થઈ હતી. જ્યારે ભારતીય રમકડાંની નિકાસ $202 મિલિયનથી વધીને $326 મિલિયન થઈ છે. હવે બાળકો ભારતીય રમકડાં સાથે રમે છે અને તે મન કી બાતની ભારે અસર દર્શાવે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંગીતનાં સાધનોના ઉલ્લેખ બાદ સંગીતનાં સાધનોની નિકાસમાં આઠગણો વધારો થયો છે અને તેનો વપરાશ અનેકગણો વધી ગયો છે. તેમણે કહ્યું હતું કે જો તમે મન કી બાત ધ્યાનથી સાંભળો છો, તો શબ્દો એવા સંભળાય છે કે જાણે અમારા પરિવારના કોઈ વડીલ અમને સલાહ આપતા હોય, જેમ કે કાળજી રાખનાર માતાપિતા તરફથી આવતા હોય. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત દ્વારા ઘણી ભારતીય રમતોને પુનર્જીવિત કરવામાં મદદ કરી છે. તેમણેકહ્યું કે ભારતના લોકશાહીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું 2 મુખ્ય યોગદાન છે. શ્રી મોદીએ આપણી લોકશાહી પ્રણાલીને જાતિવાદ, ભત્રીજાવાદ અને તુષ્ટીકરણથી મુક્ત કરી અને તેને પ્રદર્શનની રાજનીતિ તરફ લઈ ગયા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌથી સુસંગત રીતે વર્તમાન સમયનું સફળતાપૂર્વક અર્થઘટન કર્યું, અને સમાજની સામે તાજા અર્થઘટન સાથે આપણી પરંપરાઓ પણ રજૂ કરી. તેમણે કહ્યું કે મન કી બાત લોકશાહીને મજબૂત કરવા, વ્યક્તિ અને સમાજને મંચ પ્રદાન કરવા, સદાચારી નાગરિકો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોને શુદ્ધ કરવા અને પુરસ્કાર આપવા માટે એક મજબૂત સંચાર માધ્યમ તરીકે ઊભરી આવ્યું છે.





## 30 મે 2023 – ૯ વર્ષ પૂર્ણ

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની કેન્દ્ર સરકારે કર્યો અભૂતપૂર્વ વિકાસ

### અંત્યોદય - સેવા ગરીબો અને વંચિતો માટે

- ૮૦ કરોડ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત મફત અનાજનું વિતરણ.
- ૧.૨૨ કરોડ ઘરો પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ને મંજૂરી.
- ૨.૩ કરોડ ઘરો પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય) ને મંજૂરી.
- સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ૧૧.૨૨ કરોડ શૌચાલયનું નિર્માણ.
- ગત ત્રણ વર્ષોમાં 'હર ઘર નલ સે જલ' યોજના અંતર્ગત ૬.૨ કરોડ નવાં ઘરોને નળના પાણીનું જોડાણ અપાયું.
- પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત ૨૯.૬ લાખ ફેરિયા અને છૂટક વેપારીઓને લોન આપવામાં આવી.

આરોગ્યસંભાળ અને વૈશ્વિક મહામારી પ્રબંધન

- આયુષ્માન ભારત યોજના અંતર્ગત ૩.૨ કરોડ લોકોએ ૫ લાખ રૂપિયા સુધીની મફત તબીબી સારવાર મેળવી.
- ૨૨ કરોડથી વધુ આયુષ્માન યોજનાના લાભાર્થીઓ.
- ૧૯૦ કરોડ કોરોના વિરોધી રસી મફત આપવામાં આવી, જે વિશ્વનું સૌથી મોટું વેક્સિન અભિયાન બની રહ્યું.
- ૮,૭૨૭ જનઔષધિ કેન્દ્રો દ્વારા કિફાયતી દવાઓનું વિતરણ.
- ગત ૮ વર્ષમાં ૧૫ નવી 'એમ્સ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- અંદાજિત નવી ૨૦૦ મેડિકલ કોલેજો છેલ્લાં ૮ વર્ષમાં ખોલવામાં આવી.
- દરેક જિલ્લામાં મેડિકલ કોલેજોનું નિર્માણ કરવામાં

### વિદેશ માટે વસતા ભારતીયો માટે ભારત સરકાર બની સંકટ મોચન

૧. ૨૦૧૪માં માલદીવ્સમાં પીવાના પાણીનું સંકટ ભારતે **ઓપરેશન નીર** દ્વારા પીવાનું પાણી પહોંચાડ્યું.

૨. ૨૦૧૫માં યમનમાં ગૃહયુદ્ધમાં ફસાયેલા ભારત અને વિદેશના નાગરિકોને બચાવવા **ઓપરેશન રાહત.**

૩. નેપાળમાં ભૂકંપ વખતે પાંચ કલાકમાં ભારતીય વાયુદળ, ડૉક્ટર, મેડિકલ કીટ અને ફૂડ પેકેટ લઈને કાઠમંડુ ઊતરી ગયા તેનું નામ આપ્યું **ઓપરેશન મૈત્રી.**

૪. ૨૦૧૬માં સુદાનમાં **ઓપરેશન સંકટમોચન.**

૫. ૨૦૧૭માં બાંગ્લાદેશમાં **ઓપરેશન ઇન્સાનિયત.**

૬. ૨૦૧૮માં ઇન્ડોનેશિયામાં **ઓપરેશન સમુદ્રમૈત્રી.**

૭. અફઘાનિસ્તાનમાં **ઓપરેશન દૈવીશક્તિ.**

૮. તુર્કીમાં ભૂકંપપીડિતોને મદદ માટે **ઓપરેશન દોસ્ત.**

૯. યુક્રેનથી વિદ્યાર્થીઓને પરત લાવવા **ઓપરેશન ગંગા** જેમાં ભારત સહિત ૧૮ દેશના વિદ્યાર્થી પરત લાવ્યા.

**૧૦. ઓપરેશન કાવેરી દ્વારા સુદાનમાંથી પરત લાવ્યા.**







આવી રહ્યું છે.

- સ્વાસ્થ્ય અને આરોગ્ય સેન્ટર દરેક બ્લોકમાં ખોલવામાં આવ્યાં છે.

## અર્થતંત્રમાં સુધારા

- ૮.૨ ટકાના વિકાસદર વૃદ્ધિ સાથે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઊભરતી અર્થવ્યવસ્થાવાળો દેશ બન્યો.
- એફડીઆઈમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતમાં ૮૩.૫૭ બિલિયન ડોલરનો વિક્રમજનક રોકાણ પ્રવાહ રહ્યો.
- પ્રધાનમંત્રી મુદ્રાયોજના અંતર્ગત ૩૪.૪૩ કરોડ લોનધારકોને ૧૮.૬ લાખ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા.
- વાર્ષિક ૭ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્તિ આપવામાં આવી.
- ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસના રેન્કિંગમાં સતત વધારો જોવા મળ્યો, ભારતીય અર્થનીતિની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત થઈ.

## ટેક-પાવરથી સજ્જ ભારત

- ૧૩૨ કરોડ નાગરિકોને આધારકાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા.
- ડિજિટલ પેમેન્ટ ટ્રાન્જેક્શન્સમાં ભારતે દુનિયામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.
- ૪.૪૬ લાખ સેવા સદન કેન્દ્રોનું નિર્માણ થયું.
- ભારતનેટ પહેલ અંતર્ગત ૧.૭૫ લાખ ગામડાંઓમાં બ્રોડબેન્ડની કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં આવી.

## પૂર્વાંચલ પ્રદેશ સાથે જોડાણ

- વિવિધ અસંતુષ્ટ સંગઠનો સાથે શાંતિવાર્તા કરાર કરી દશકો જૂની હિંસાનો અંત આણ્યો.
- રેલવે અને માર્ગ સાથેનો સૌથી લાંબો પુલ બોગીબિલ બ્રિજ અને વિશ્વનો સૌથી ઊંચો રેલવે ગર્ડર બ્રિજ જિરીબામ-તુપુલ-ઇન્ફાલ રેલવે લાઇનર પર નિર્માણ કર્યો.
- પૂર્વાંચલ પ્રદેશોમાં બળવાખોર પ્રવૃત્તિમાં ૭૪ ટકા અને સશસ્ત્ર દળોમાં થતી જાનહાનિના કિસ્સામાં ૬૦ ટકાનો ઘટાડો થયો.
- રેલમાર્ગ અને રોડરસ્તાના નિર્માણ દ્વારા સમગ્ર પૂર્વાંચલ વિસ્તારને દેશના મુખ્ય વિકાસ પ્રવાહ સાથે જોડાણ કર્યું.

## ખેડૂતોનું કલ્યાણ સુનિશ્ચિત

- પ્રધાનમંત્રી કિસાન કલ્યાણ સમ્માન નિધિ અંતર્ગત ૧૧.૫ કરોડ ખેડૂત પરિવારોને રૂપિયા ૨.૨૪ લાખ કરોડ આપ્યા.
- પ્રધાનમંત્રી ફસલ-વીમા યોજના અંતર્ગત ૩૭.૫૨ કરોડ અરજીઓની વીમા ચુકવણી
- ૩ કરોડથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ લાભાર્થીઓને રૂપિયા ૩.૪ કરોડની ઋણરાશિ ફાળવી
- મોટા ભાગની જણસ એમએસપી અંદર સમાવવામાં આવી અને એમએસપીનું ઉત્પાદન મૂલ્ય દોઢગણું વધી ગયું.
- યુરિયા પર લીમડાનો ઢોળ ચડાવવાથી તેની કાળાબજારી પર અંકુશ આવ્યો.
- ૨૩ કરોડ ભૂમિ-સ્વાસ્થ્ય કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યાં.
- ડીએપી ખાતરની થેલી દીઠ રૂપિયા ૧,૨૦૦ની સબસિડી આપવામાં આવી.
- રવી અને ખરીફ પાકની એમએસપીના દરે વિક્રમજનક ખરીદી





## નવા ભારત માટે નારીશક્તિ

- પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અંતર્ગત ૯.૬૦ કરોડ એલપીજી કનેક્શન્સ મહિલાઓને ફાળવી આપવામાં આવ્યા.
- ૨૫ કરોડ મહિલાઓને જનધન એકાઉન્ટ અંતર્ગત બેન્ક સાથે જોડવામાં આવી.
- ૭૫ લાખથી પણ વધુ એસએચજી અંતર્ગત ૮ કરોડ મહિલા ઉદ્યોગસાહસિક જોડવામાં આવી.
- સ્ટેન્ડઅપ ઇન્ડિયા યોજના અંતર્ગત ૮૦ ટકા લોન મહિલાઓને ફાળવવામાં આવી.
- પ્રસૂતા મહિલાને ૨૬ અઠવાડિયાંના સમયગાળા માટે સવેતન રજા મંજૂર કરવામાં આવી.
- ભારતીય સશસ્ત્ર દળો અને સૈનિક સ્કૂલોમાં મહિલાઓને સમાન અધિકાર પદ આપવામાં આવ્યાં.
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ૬૮ લાખથી પણ વધુ મહિલાઓ લાભાર્થી બની.

## યુવા-નેતૃત્વનું સંવર્ધન

- નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ના અમલીકરણ દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તન
- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અંતર્ગત ૧.૩૨ કરોડથી પણ વધુ યુવાનો તાલીમબદ્ધ બન્યા.
- ઇન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ્સ (આઇટીઆઇ)ની સંખ્યામાં ૨૪ ટકાનો વધારો
- મેડિકલની બેઠકોમાં ૮૦ ટકાનો વધારો કર્યો.

## રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશનીતિ

- યુદ્ધગ્રસ્ત દેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ઓપરેશન ગંગા અને ઓપરેશન રાહત દ્વારા સકુશળ દેશમાં લાવ્યા.
- ભારતની સુરક્ષાને મજબૂત બનાવી જેનાથી આતંકવાદી ગતિવિધિઓમાં ઘટાડો થયો.

## ઐતિહાસિક અને સીમાચિહ્ન નિર્ણયો

- શ્રીરામ મંદિરનિર્માણની પહેલ કરી કરોડો હિંદુઓની ધાર્મિક ભાવનાઓનું સમ્માન કર્યું.
- કાશી વિશ્વનાથ ધામ અને શ્રી કેદારનાથ ધામનું પુનઃનિર્માણ કર્યું.
- ધારા ૩૭૦ હટાવી જમ્મુ અને કાશ્મીરને ભારત સાથે સંવૈધાનિક રીતે પૂર્ણ રીતે જોડી દીધું.
- પડોશી દેશોમાં પ્રતાડિત લઘુમતી સમુદાયને રાહત આપવા માટે નાગરિકતા સંશોધન અધિનિયમનો અમલ કર્યો.
- મુસ્લિમ મહિલાઓને રાહત આપવા માટે ત્રણ તલાકની પ્રથાને સમાપ્ત કરી.

## સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને સમ્માન

- ડૉ. બાબાસાહેબ આંબેડકરના ભવ્ય વારસાનું સમ્માન કરવા માટે તેમના પાંચ સ્થાનકોનું 'પંચતીર્થ' તરીકે વિકાસનિર્માણ કર્યું.
- ડૉ. બાબાસાહેબની સ્મૃતિમાં ૨૬ નવેમ્બરના દિવસને સંવિધાન દિવસના રૂપમાં જાહેર કરવામાં આવ્યો.
- સરદાર પટેલની સ્મૃતિમાં દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બનાવી રાષ્ટ્રને સમર્પિત કરી.
- ભગવાન બિરસા મુંડા સંગ્રહાલયના નિર્માણ સાથે તેમના જન્મદિવસ ૧૫ નવેમ્બરના દિવસને જનજાતીય ગૌરવ દિવસ તરીકે જાહેર કર્યો.



**જૂનાગઢ ખાતે બુથ સશક્તિકરણ અભિયાન અને સોશિયલ મીડિયા કાર્યશાળા પેજ સમિતિના પ્રણેતા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો**



# ભાજપની એકતા અને સંગઠનશક્તિ એ ભાજપનો પ્રાણવાયુ છે – શ્રી સી. આર. પાટીલ



જૂનાગઢ ખાતે બુથ સશક્તિકરણ અભિયાન અને સોશિયલ મીડિયા કાર્યશાળા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના પ્રમુખશ્રી કિરિટભાઈ પટેલે પ્રાંસગિક સંબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીએ સંબોધન કરતાં જણાવ્યું કે, દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2014માં જે કામ કર્યું તે માત્ર સત્તા પરિવર્તન નથી કર્યું તેમણે ભારતમાં પુનઃજાગરણ માટે એક નવા યુગનો શંખનાદ કર્યો. ભારતીય જનતા પાર્ટી એ એવી પાર્ટી છે જેના માટે રાષ્ટ્ર પ્રથમ રહ્યુ છે. ભાજપની આસ્થાનો મૂળ મંત્ર એક ભારત, શ્રેષ્ઠ ભારત છે. યુવાનોની એક એવી ટીમ તૈયાર કરવી જોઈએ કે જે આધુનિક ટેકનોલોજીનુ મોનીટરીંગ કરે અને તેને નાગરિકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરે. આવનાર સમયમાં કાર્યકરો સોશિયલ મીડિયાનો કેવી રીતે ઉપયોગ કરે જેનાથી પાર્ટીની વાત વધુમાં વધુ લોકોને પહોંચાડી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું. ભાજપની એકતા અને સંગઠનશક્તિ એ ભાજપનો પ્રાણવાયુ છે - તેને નિરંતર ગતિમાં રાખવી જરૂરી છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, દેશના ઘણા વડાપ્રધાન લોકપ્રિય બન્યા છે તેમાં પંડિત જવાહરલાલ નહેરુ ઘણા લોકપ્રિય હતા તેનું કારણ એ હતું કે આઝાદી પછી પહેલા વડાપ્રધાન હતા, ગર્ભશ્રીમંત હતા, સારાં કપડાં પહેરતા અને તેમનાં કપડાં વિમાનમાર્ગે લંડન ધોવા જતાં તેવી લોકવાયકા હતી. સૌથી લાંબો સમય પ્રધાનમંત્રી તરીકે કામ કર્યું પરંતુ તેમના નિર્ણયથી દેશનું કે ગરીબ લોકોનું ભલું થયું હોય તેવું






ધ્યાનમાં નથી. ત્યાર પછી બીજા વડાપ્રધાન તરીકે ઇન્દિરા ગાંધી આવ્યાં જે જવાહરલાલનાં પુત્રી અને ગાંધી અટક ધરાવતાં. બાંગ્લાદેશ સામે યુદ્ધ જીત્યાં અને ગરીબી હટાવવાનું સૂત્ર આપ્યું પરંતુ ગરીબી હટી નહીં, ઉપરથી કોંગ્રેસના નેતાઓની ગરીબી હટી. ઇન્દિરા ગાંધીના સમયમાં કટોકટી લાદવામાં આવી હતી. ત્યાર પછી અટલ બિહારી વાજેપયીજી વડાપ્રધાન બન્યા અને અણુશક્તિ આપણા દેશને આપી જેનાથી વિશ્વના શક્તિશાળી દેશમાં આપણે સ્થાન બનાવ્યું, કારગીલ યુદ્ધમાં પાકિસ્તાનને હરાવ્યું અને આજે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કે જમને પાર્ટીએ વડાપ્રધાન બનાવ્યા અને ડંકાની ચોટ પર કહ્યું કે મારે વડાપ્રધાન બનવું છે અને 2014માં 283 બેઠકો લાવી સત્તા પરિવર્તન કર્યું. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુશળ નેતૃત્વથી આંતરરાષ્ટ્રીય ફલક પર દેશનુ ગૌરવ વધાર્યું. આજે વિકાસ પુરુષનું બિરુદ મળ્યું છે. જનતાને આપેલાં તમામ વચનો જેવાં કે રામ મંદિર,જમ્મુ કાશ્મીરમાં કલમ 370 દૂર કરવી, ત્રિપલ તલાક સહિત  દરેક વચનો પૂરાં કર્યાં. વડાપ્રધાનશ્રીએ સર્જિકલ સ્ટ્રાઇક થકી પાકિસ્તાનના ઘરમાં ઘૂસીને જવાબ આપ્યો અને વિશ્વને ભારતની તાકાતનો પરચો આપ્યો. આજે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં યાત્રાધામનો વિકાસ થઈ રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સૌને સાથે લઈને ચાલી રહ્યા છે તેના કારણે આજે સૌથી વધુ લોકપ્રિય બન્યા છે. એક સમયે ચૂંટણીમાં ભાજપના ઉમેદવારની ડિપોઝિટ બચે તો ઉજવણી થતી, આજે પરિસ્થિતિ બદલાઈ છે અને ઉમેદવારો વધુ લીડથી જીતે છે તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને કારણે બદલાઈ છે. દેશ અને દુનિયામાં થતી દરેક પોઝિટિવ વસ્તુને લોકો સુધી પહોંચાડવાનો સફળ પ્રયાસ જો કોઈએ કર્યો હોય તો તે આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે. કેન્દ્ર અને રાજય સરકારની દરેક યોજનાનો લાભ છેવાડાના માનવીને મળે તે માટે દરેક કાર્યકર પ્રયાસ કરે.



## આજે દેશની રાજનૈતિક વ્યવસ્થામાં ગુજરાત લીડ કરી રહ્યુ છે, જેથી આપણી જવાબદારી પણ છે કે સમય સાથે ચાલીએ – શ્રી રત્નાકરજી

આ કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ સંબોધન કરતાં જણાવ્યું કે, ચૂંટણીનો સમય એ કોઈ પણ રાજકીય પાર્ટી માટે ઉત્સાહનો સમય હોય છે. દરેક કાર્યકર સક્રિય રીતે કામ કરતો હોય છે. કાર્યકરો સખત પરિશ્રમ કરતા હોય છે તેનું પરિણામ આપણે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં જોયુ છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીનું પરિણામ દરેક કાર્યકરે દિવસરાત મહેનત કરી છે તે સાબિત કરે છે. ગુજરાત ભાજપના કાર્યકરોની મહેતન દેશના અન્ય કાર્યકરો માટે માર્ગદર્શનરૂપ સાબિત થાય છે. આજે દેશની રાજનૈતિક વ્યવસ્થામાં ગુજરાત લીડ કરી રહ્યુ છે જેથી આપણી જવાબદારી પણ છે કે સમય સાથે ચાલીએ. આજનો યુગ ડિજિટલને પ્રાધાન્ય આપે છે પરંતુ તેનો યોગ્ય ઉપયોગ થવો ખૂબ જરૂરી છે. ભાજપના કાર્યકરોએ સમય સાથે ચાલવું પડશે. આજના સમયમાં મીડિયાથી વધારે અસરકારક છે સોશિયલ મીડિયા. સોશિયલ મીડિયામાં કાર્યકરો વધુ સક્રિય રહે તે જરૂરી છે.








# સરદાર પટેલ અને સુબ્રમણ્યમ ભારતીના રાષ્ટ્ર-પ્રથમ સંકલ્પનો સંગમ આ સૌરાષ્ટ્ર-તમિલ સંગમ છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

વનક્કમ સૌરાષ્ટ્ર! વનક્કમ તમિલનાડુ!

સાથીઓ, એ વાત સાચી છે કે આતિથ્યનો આનંદ બહુ અનોખો હોય છે. પરંતુ, જ્યારે કોઈ વ્યક્તિ પોતાના ઘરે વર્ષો પછી પરત ફરે છે, ત્યારે તે ખુશી, તે ઉત્સાહ અને ઉલ્લાસની વાત જ કંઈક અલગ હોય છે. આજે એ જ ગદ્ગદ હૃદય સાથે સૌરાષ્ટ્રની એકેએક વ્યક્તિએ તમિલનાડુથી પધારેલાં પોતાનાં ભાઈ-બહેનોને આવકારવા પોતપોતાની પાંપણ ફેલાવી છે. આજે, એ જ ગૌરવપૂર્ણ હૃદય સાથે, હું તમિલનાડુના મારા નજીકના અને પ્રિયજનોમાં પણ હાજર છું.

મને યાદ છે કે 2010માં જ્યારે હું મુખ્યમંત્રી હતો ત્યારે મેં મદુરાઈમાં આવા ભવ્ય સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કર્યું હતું. તે કાર્યક્રમમાં ભાગ લેવા સૌરાષ્ટ્રમાંથી અમારાં 50 હજારથી વધુ ભાઈ-બહેનો આવ્યાં હતાં. અને આજે એ જ સ્નેહ અને સંબંધની લહેરો સૌરાષ્ટ્રની ધરતી પર દેખાય છે. તમે બધા તમિલનાડુથી તમારા પૂર્વજોની ભૂમિ પર, તમારાં ઘરોમાં આટલી મોટી સંખ્યામાં આવ્યા છો. તમારા ચહેરા પરની ખુશી જોઈને હું કહી શકું છું કે તમે અહીંથી ઘણી બધી યાદો અને ભાવનાત્મક અનુભવો પાછા લઈ જશો.

તમે સૌરાષ્ટ્રના પ્રવાસનનો પણ ઘણો આનંદ માણ્યો છે. તમે સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ જોઈ હશે, જે દેશને સૌરાષ્ટ્રથી તામિલનાડુ સુધી જોડે છે. એટલે






લોકો છીએ. અમે વિવિધ ભાષાઓ અને બોલીઓ, વિવિધ કલાઓ અને શૈલીઓની ઉજવણી કરીએ છીએ. આપણી શ્રદ્ધાથી લઈને આધ્યાત્મિકતા સુધી દરેક જગ્યાએ વિવિધતા છે. આપણે શિવની પૂજા કરીએ છીએ, પરંતુ બાર જ્યોતિર્લિંગમાં પૂજા કરવાની પદ્ધતિમાં તેની પોતાની વિવિધતા છે. આપણે બ્રહ્માને 'એકો અહમ્ બહુ સ્યામ્' તરીકે વિવિધ સ્વરૂપોમાં સંશોધન અને પૂજન પણ કરીએ છીએ. આપણે 'ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરી સરસ્વતી' જેવા મંત્રોમાં દેશની વિવિધ નદીઓને નમન કરીએ છીએ.

આ વિવિધતા આપણને વિભાજિત કરતી નથી, પરંતુ આપણા બંધનને, આપણા સંબંધોને મજબૂત બનાવે છે, કારણ કે આપણે જાણીએ છીએ, જ્યારે વિવિધ પ્રવાહો ભેગા થાય છે ત્યારે સંગમ સર્જાય છે. તેથી, આપણે સદીઓથી નદીઓના સંગમથી લઈને કુંભ જેવી ઘટનાઓમાં વિચારોના સંગમ સુધી આ પરંપરાઓનું જતન કરીએ છીએ.

આ સંગમની શક્તિ છે જેને સૌરાષ્ટ્ર તમિલ સંગમ આજે નવા સ્વરૂપે આગળ લઈ જઈ રહ્યું છે. આજે જ્યારે દેશની એકતા આવા મહાન ઉત્સવોના રૂપમાં આકાર લઈ રહી છે ત્યારે સરદાર સાહેબ આપણને આશીર્વાદ આપતા જ હશે. તે દેશના હજારો અને લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાની પરિપૂર્ણતા પણ છે, જેમણે પોતાના જીવનનું બલિદાન આપ્યું અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું સ્વપ્ન જોયું.

સાથીઓ, આજે જ્યારે આપણે આઝાદીનાં 75 વર્ષ પૂર્ણ

કે ભૂતકાળની અમૂલ્ય સ્મૃતિઓ, વર્તમાનની અનુભૂતિ અને અનુભવ અને ભવિષ્ય માટેના સંકલ્પો અને પ્રેરણાઓ, આ બધું આપણે 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમ'માં એકસાથે જોઈ રહ્યા છીએ. હું આ અદ્ભુત ઘટના માટે સૌરાષ્ટ્ર અને તમિલનાડુના તમામ લોકોને અભિનંદન આપું છું, હું તમને બધાને અભિનંદન આપું છું.

સાથીઓ, આજે આઝાદીના સુવર્ણકાળમાં આપણે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોની નવી પરંપરાના સાક્ષી છીએ. થોડા મહિના પહેલા જ બનારસમાં કાશી-તમિલ સંગમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની સમગ્ર દેશમાં ખૂબ ચર્ચા થઈ હતી. તે પછી દેશના વિવિધ ભાગોમાં આવા કાર્યક્રમોના ઘણા સ્વયંભૂ પ્રયાસો શરૂ થયા છે. અને, આજે ફરી એકવાર સૌરાષ્ટ્રની ધરતી પર આપણે ભારતના બે પ્રાચીન પ્રવાહોના સંગમના સાક્ષી છીએ.

'સૌરાષ્ટ્ર તમિલ સંગમ'નો આ પ્રસંગ માત્ર ગુજરાત અને તમિલનાડુનો સંગમ નથી. તે દેવી મીનાક્ષી અને દેવી પાર્વતીના રૂપમાં 'એક શક્તિ'ની ઉપાસનાનો પણ ઉત્સવ છે. તે ભગવાન સોમનાથ અને ભગવાન રામનાથના રૂપમાં 'એક શિવ'ની ભાવનાની ઉજવણી પણ છે. આ સંગમ એ નાગેશ્વર અને સુંદરેશ્વરની ભૂમિનો સંગમ છે. આ શ્રી કૃષ્ણ અને શ્રી રંગનાથની ભૂમિનો સંગમ છે. આ નર્મદા અને વૈગળનો સંગમ છે. આ છે દાંડિયા અને કોલત્તમનો સંગમ! આ છે દ્વારકા અને મદુરાઈ જેવાં પવિત્ર શહેરોની પરંપરાઓનો સંગમ! અને, આ સૌરાષ્ટ્ર-તમિલ સંગમ છે - સરદાર પટેલ અને સુબ્રમણ્યમ ભારતીના રાષ્ટ્ર-પ્રથમ સંકલ્પનું! આપણે આ સંકલ્પો સાથે આગળ વધવાનું છે. આપણે આ સાંસ્કૃતિક વારસાને લઈને રાષ્ટ્રનિર્માણ માટે આગળ વધવું પડશે.

સાથીઓ, ભારત એક વિશેષતા તરીકે વિવિધતામાં જીવતો દેશ છે. અમે વિવિધતાની ઉજવણી કરનારા



કર્યાં છે, ત્યારે દેશે તેના 'પ્રાઇડ ઓફ હેરિટેજ'ના 'પંચ પ્રાણ'ને આહ્વાન કર્યું છે. આપણા વારસાનું ગૌરવ ત્યારે વધુ વધશે જ્યારે આપણે તેને જાણીશું, ગુલામીની માનસિકતામાંથી મુક્ત થઈને પોતાને જાણવાનો પ્રયત્ન કરીશું! કાશી તમિલ સંગમમ હોય કે સૌરાષ્ટ્ર તમિલ સંગમમ, આ પ્રસંગ તેના માટે અસરકારક અભિયાન બની રહ્યું છે.

તમે જુઓ, ગુજરાત અને તમિલનાડુ વચ્ચે ઘણું બધું છે જે જાણી જોઈને આપણી જાણ બહાર રાખવામાં આવ્યું છે. વિદેશી આક્રમણોના સમયગાળા દરમિયાન સૌરાષ્ટ્રમાંથી તમિલનાડુ તરફ સ્થળાંતર કરવાની થોડી ચર્ચા ઇતિહાસના કેટલાક વિદ્વાનો સુધી મર્યાદિત હતી. પરંતુ તે પહેલા પણ, પૌરાણિક સમયથી આ બંને સામ્રાજ્યો વચ્ચે ઊંડો સંબંધ રહ્યો છે. પશ્ચિમ અને દક્ષિણના સૌરાષ્ટ્ર અને તમિલનાડુનું આ સાંસ્કૃતિક સંમિશ્રણ હજારો વર્ષોથી ચાલતું પ્રવાહ છે.

સાથીઓ, આજે આપણી પાસે 2047નું ભારત લક્ષ્ય છે. આપણી પાસે ગુલામી અને ત્યાર પછીના સાત દાયકાના પડકારો પણ છે. આપણે દેશને આગળ લઈ જવાનો છે, પરંતુ રસ્તામાં એવી શક્તિઓ આવશે જે આપણને તોડી નાખે છે અને જે લોકો આપણને ગેરમાર્ગે દોરે છે. પરંતુ, ભારત પાસે કપરા સંજોગોમાં પણ નવીનતા લાવવાની શક્તિ છે, સૌરાષ્ટ્ર અને તમિલનાડુનો સહિયારો ઇતિહાસ આપણને આ ખાતરી આપે છે.

તમને યાદ છે, જ્યારે વિદેશી આક્રમણકારોએ ભારત પર હુમલો કરવાનું શરૂ કર્યું ત્યારે સોમનાથના રૂપમાં દેશની સંસ્કૃતિ અને સન્માન પર આટલો પહેલો હુમલો થયો, સદીઓ પહેલાં આજના જેવાં સંસાધનો નહોતાં. ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનો યુગ ન હતો, મુસાફરી માટે ઝડપી ટ્રેનો અને વિમાનો નહોતાં. પરંતુ, આપણા વડવાઓ જાણતા હતા કે – હિમાલયત સમરાભ્ય, યવત ઇન્દુ સરોવરમ. તે ભગવાન નિર્મિત દેશ, હિંદુસ્તાન પ્રચક્ષતે. એટલે કે હિમાલયથી લઈને હિંદ મહાસાગર સુધીની આ સમગ્ર દેવભૂમિ આપણો પોતાનો દેશ ભારત છે. તેથી જ, તેઓને ચિંતા ન હતી કે આટલી દૂર નવી ભાષા, નવા લોકો, નવું વાતાવરણ હશે, તો તેઓ ત્યાં કેવી રીતે જીવશે. તેમની આસ્થા અને ઓળખ બચાવવા માટે મોટી સંખ્યામાં લોકો સૌરાષ્ટ્રમાંથી તમિલનાડુમાં સ્થળાંતર કરી ગયા. તમિલનાડુના લોકોએ ખુલ્લા હાથે તેમનું સ્વાગત કર્યું, તેમને નવા જીવન માટે તમામ કાયમી સુવિધાઓ આપી. 'એક ભારત ઉત્તમ ભારત'.

સાથીઓ, મહાન સંત તિરુવલ્લુવરજીએ કહ્યું હતું – અગન અમરંદુ, સ્યાલ ઉરૈયુમ મુગન આમરાંદુ, નાલા વિરુન્દુ, ઓમ્બુવન ઇલ્યા, સુખ-સમૃદ્ધિ અને નસીબ, જેઓ તેમના ઘરમાં ખુશીથી સ્વાગત કરે છે તેમની સાથે રહે છે. તેથી, આપણે સાંસ્કૃતિક અથડામણ પર નહીં, સંવાદિતા પર ભાર મૂકવો પડશે. આપણે સંઘર્ષોને આગળ લઈ જવાની જરૂર નથી, આપણે સંગમ અને સમાગમોને આગળ લઈ જવાના છે. અમે મતભેદો શોધવા માંગતા નથી, અમે ભાવનાત્મક જોડાણ કરવા માંગીએ છીએ.

સૌરાષ્ટ્ર મૂળના લોકો તમિલનાડુમાં સ્થાયી થયા અને તમિલગામના લોકોએ તે જીવીને બતાવ્યું છે. તમે બધાએ તમિલ ભાષા અપનાવી, પણ સાથે સાથે સૌરાષ્ટ્રની ભાષા, ખાણી-પીણી અને રીત-રિવાજો યાદ કર્યા. આ ભારતની અમર પરંપરા છે, જે દરેકને સાથે લઈને સર્વસમાવેશકતા સાથે આગળ વધે છે, દરેકને સ્વીકારે છે અને આગળ વધે છે.

મને આનંદ છે કે આપણે બધા આપણા પૂર્વજોના યોગદાનને ફરજની ભાવના સાથે આગળ લઈ જઈ રહ્યા છીએ. હું ઇચ્છું છું કે તમે સ્થાનિક સ્તરે પણ આ જ રીતે દેશના વિવિધ ભાગોમાંથી લોકોને આમંત્રિત કરો, તેમને ભારતને જાણવા અને જીવવાની તક આપો. મને ખાતરી છે કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમ આ દિશામાં એક ઐતિહાસિક પહેલ સાબિત થશે.

આ ભાવના સાથે, તમે ફરી એકવાર તમિલનાડુથી આટલી મોટી સંખ્યામાં આવ્યા છો. જો હું અંગત રીતે આવ્યો હોત અને ત્યાં તમારું સ્વાગત કર્યું હોત, તો મને વધુ આનંદ થયો હોત. પરંતુ સમયના અભાવે હું આવી શક્યો નહીં. પણ આજે મને વર્ચ્યુઅલ રીતે તમારા બધાનાં દર્શન કરવાનો મોકો મળ્યો છે. પરંતુ આ સમગ્ર સંગમમાં જે ભાવના આપણે જોઈ છે, આપણે તે ભાવનાને આગળ લઈ જવાની છે. એ ભાવના આપણે જીવવાની છે. અને એ લાગણી માટે આપણે આપણી આવનારી પેઢીઓને પણ તૈયાર કરવી પડશે. આ ભાવનામાં આપ સૌનો ખૂબ ખૂબ આભાર! વનક્કમ!





# કેન્દ્રિય કેબિનેટે 1570 કરોડ રૂ.ના ખર્ચે 157 નવી નર્સિંગ કૉલેજોની સ્થાપનાને મંજૂરી આપી



દેશમાં નર્સિંગ વર્કફોર્સને મજબૂત બનાવવાની દિશામાં નોંધપાત્ર પગલારૂપે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ 2014થી સ્થપાયેલી હાલની મેડિકલ કૉલેજો સાથે સહ-સ્થાન પર 157 નવી નર્સિંગ કૉલેજોની સ્થાપનાને મંજૂરી આપી છે. આ પગલું દર વર્ષે અંદાજે 15,700 નર્સિંગ સ્નાતકો ઉમેરશે. આ ભારતમાં ગુણવત્તાયુક્ત, સસ્તું અને ન્યાયપૂર્ણ નર્સિંગ શિક્ષણને વધુ સુનિશ્ચિત કરશે, ખાસ કરીને ઓછા સેવા ધરાવતા જિલ્લાઓ અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં. કુલ નાણાકીય અસર રૂ. 1,570 કરોડ થશે.

આ પહેલનો હેતુ હેલ્થકેર સેક્ટરમાં ભૌગોલિક અને ગ્રામીણ-શહેરી અસંતુલનને દૂર કરવાનો છે, જેના કારણે નર્સિંગ પ્રોફેશનલ્સની ઉપલબ્ધતા ઓછી થઈ છે અને ઓછી સેવા ધરાવતા વિસ્તારોમાં આરોગ્યસંભાળ સેવાઓને અસર થઈ છે. આ નર્સિંગ કૉલેજોની સ્થાપના આરોગ્યસંભાળમાં લાયક માનવ સંસાધનોની ઉપલબ્ધતાને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ યુનિવર્સલ હેલ્થ કેર (UHC) માટેના રાષ્ટ્રીય આદેશના ભાગ રૂપે પણ કરવામાં આવી રહ્યું છે અને તે ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG) પ્રાપ્ત કરવામાં મદદ કરશે. ક્ષેત્રની ઊભરતી જરૂરિયાતોને પહોંચી વળવા નર્સિંગ શિક્ષણ માટેના નિયમનકારી માળખામાં સુધારાઓ પણ વિચારણા હેઠળ છે.

નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) કૌશલ્ય વિકાસ અને વિદેશી હોદ્દા માટે લાયક નર્સોની નિમણૂક માટે અગ્રણી આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય એજન્સીઓ સાથે પણ સહયોગ કરે છે.

હાલની મેડિકલ કૉલેજો સાથે આ નર્સિંગ કૉલેજોનું સહ-સ્થાન હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૌશલ્ય પ્રયોગશાળાઓ, ક્લિનિકલ સુવિધાઓ અને ફેકલ્ટીનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની મંજૂરી આપશે. આ પહેલથી નર્સિંગ વિદ્યાર્થીઓને બહેતર ક્લિનિકલ એક્સપોઝર મળવાની અપેક્ષા છે અને મેડિકલ કૉલેજોમાં દર્દીઓ માટે સારી સંભાળ અને સેવાની જોગવાઈ પણ થશે. આ નર્સિંગ કૉલેજોમાં ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગની પણ શોધ કરવામાં આવશે અને ઊર્જા કાર્યક્ષમતા અને કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો સુનિશ્ચિત કરવા માટે સુસંગતતા અનુસાર અપનાવવામાં આવશે.

સરકાર આગામી બે વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાની યોજના ધરાવે છે અને આયોજનના દરેક તબક્કા તેમજ પ્રોજેક્ટના અમલીકરણ માટે વિગતવાર સમયરેખા નિર્ધારિત કરી છે. કેન્દ્રમાં કેન્દ્રીય આરોગ્ય સચિવ અને રાજ્યોમાં અગ્ર સચિવ, આરોગ્ય/મેડિકલ એજ્યુકેશનની આગેવાની હેઠળની સત્તા પ્રાપ્ત સમિતિ કામની પ્રગતિ પર નજર રાખશે. રાજ્ય સરકાર/ કેન્દ્ર શાસિત પ્રદેશો નિયમિત ધોરણે MoHFW ને, યોજના હેઠળ નવી નર્સિંગ કૉલેજોની સ્થાપના માટે કરવામાં આવી રહેલા કાર્યોની ભૌતિક પ્રગતિની જાણ કરશે.

ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ કર્મચારીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારા સાથે તેની ખાતરી કરવા માટે આ સરકારનું જબરદસ્ત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં મેડિકલ કોલેજોની સંખ્યામાં વધારો કર્યો છે અને ત્યારબાદ એમબીબીએસ સીટોમાં વધારો કર્યો છે. મેડિકલ કૉલેજોમાં 2014 પહેલાં 387થી અત્યાર સુધીમાં 660 સુધી નોંધપાત્ર વધારો થયો છે.

વધુમાં, MBBS બેઠકોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે અને અનુસ્નાતકની બેઠકો 2013-14થી બમણી થઈ ગઈ છે.

ભારતીય નર્સોની સેવાઓ વિદેશી દેશોમાં નોંધપાત્ર રીતે ઓળખાય છે, તેથી તેમની ગતિશીલતા અને રોજગારની વધુ સારી તકો ઉપલબ્ધ કરાવવા માટે ભારતીય નર્સિંગ શિક્ષણને વૈશ્વિક ધોરણો સાથે સમકક્ષ લાવવું મહત્ત્વપૂર્ણ છે. તેઓ અત્યંત કુશળ વ્યાવસાયિકો તરીકે ઓળખાય છે અને હેલ્થકેર ડિલિવરી સિસ્ટમ ચલાવે છે, પરંતુ તેમની સંખ્યાત્મક તાકાત વૈશ્વિક ધોરણોથી નીચે છે અને તેને પર્યાપ્ત રીતે વધારવાની જરૂર છે.





# ભારત વિશ્વગુરુની ભૂમિકા તરફ શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વના કદાવર નેતા

G20 દેશોનો સમૂહ એટલે સંયુક્ત રાષ્ટ્રસંઘ પછીનું બીજું સૌથી તાકાતવાળું સંગઠન. વિશ્વના કુલ જી.ડી.પી.ના ૮૫% વસ્તીના ૬૦% અને વિશ્વવેપારના ૭૫% એ G20ના દેશોમાંથી આવે છે. આ વખતની G20 સમિટ એ સૌથી મોટી સમિટ છે, જેમાં બાંગ્લાદેશ, ઇજિપ્ત, ઓમાન, યુએઈ જેવા દેશોને વિશેષ આમંત્રિત કર્યા છે. તો વિશ્વની દિશા નક્કી કરતાં વિવિધ સંગઠનો જેવાં કે સંયુક્ત રાષ્ટ્રસંઘ, વિશ્વબેન્ક, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન જેવાના પ્રતિનિધિ પણ ઉપસ્થિત રહેવાના છે.

G20ની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999માં કરવામાં આવી હતી. તેનો હેતુ આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિરતા જાણવા માટે નીતિનિર્માણ કરવું અને તેને પ્રોત્સાહન આપવાનો હતો. વર્ષ 2008માં G20 દ્વારા તેના એજન્ડાને વિસ્તૃત કરવામાં આવ્યો હતો અને એવું નક્કી કરવામાં આવ્યું કે હવેથી G20ની દરેક બેઠકમાં તેના સભ્ય 20 દેશોની સરકારના રાષ્ટ્રપતિ અથવા તો વડા પ્રધાન બંનેમાંથી કોઈ એક ભાગ લેશે. તેની સાથે જ નાણામંત્રીઓ અને વિદેશમંત્રીઓની બેઠક આયોજિત કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

વર્ષ 2009 અને 2010 દરમિયાન G20ની બેઠક અર્ધવાર્ષિક ધોરણે આયોજિત કરાતી હતી. નવેમ્બર, 2011માં કેન્સમાં આયોજિત સમિટ બાદ G20ની બેઠકને વાર્ષિક ધોરણે આયોજિત કરવાનો નિર્ણય લેવાયો હતો.

## બીજા વિશ્વયુદ્ધ બાદ જન્મ્યો વિચાર

બીજા વિશ્વયુદ્ધ બાદ સમગ્ર વિશ્વમાં આર્થિક મંદીની આંધી ફૂંકાઈ હતી. આથી આર્થિક નીતિઓના નિર્માણ માટે આંતરરાષ્ટ્રીય સહકાર ઊભો થાય એવું અનિવાર્ય બની ગયું હતું. 1999માં G7 દેશોની કોલોન્જ સમિટમાં G20 દેશોનું સંગઠન બનાવવાનો વિચાર જન્મ્યો અને ત્યાર બાદ 26 સપ્ટેમ્બર, 1999ના રોજ G20 સંગઠનની રચના કરવામાં આવી હતી.

## G20નો ફોકસ એજન્ડા

- આંતરરાષ્ટ્રીય ધોરણે આર્થિક સહકાર અને નીતિ-નિર્માણમાં ભાગીદારી
- સર્વસમાવેશક વિકાસ
- આંતર સંબંધિત મુદ્દાઓ અંગે ચર્ચા
- G20 સંગઠનના સભ્ય દેશો
- આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, યુરોપિયન યુનિયન, ફ્રાન્સ, જર્મની, ભારત,



• પ્રેરક શાહ

ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દ.આફ્રિકા, દ. કોરિયા, તુર્કી, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ.

- G20ની અન્ય બેઠકો
- G20 સંગઠન દ્વારા અન્ય બેઠકોનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં, બિઝનેસ 20 (B20), સિવિલ સોસાયટી 20 (C20), લેબર 20 (L20), થિન્ક ટેન્ક 20 (T20) અને યુથ 20 (Y20)નો સમાવેશ થાય છે.
- આ સમિટ અંતર્ગત આપણા દેશોમાં ૫૦ શહેરોમાં ૨૦૦થી વધુ બેઠકો થવાની છે, જેમાંથી આપણા ગુજરાતમાં ૧૬ જેટલી બેઠકો છે. 6 બેઠકો અત્યાર સુધીમાં ગુજરાતમાં થઈ ચૂકી છે. G20 સમિટ હેઠળ આયોજિત અર્બન-20 (U20) એન્ગેજમેન્ટ ગ્રુપની શેરપા ઇન્સેપ્શન બેઠક અમદાવાદ ખાતે તા. 9 અને 10 ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગઈ.

### અમદાવાદમાં યોજાયેલ U20 બેઠકની મુખ્ય 6 પ્રાથમિકતા

1. પર્યાવરણને અનુરૂપ વર્તન માટે પ્રોત્સાહન
2. જળસુરક્ષા
3. ક્લાયમેટ ફાયનાન્સને પ્રોત્સાહન
4. સ્થાનિક ઓળખની જાળવણી
5. શહેરી વહીવટ અને આયોજનમાં નવા પ્રયોગો
6. ડિજિટલાઇઝેશન દ્વારા વહીવટી સેવાઓમાં સુધાર

- Geo Economical અને Geo Political સ્થિત વચ્ચે G20ની સમિટ જયારે ભારતની અધ્યક્ષતામાં થાય છે, ત્યારે આપણા સૌ માટે આ એક રાષ્ટ્રીય ગૌરવનો વિષય છે સાથે સાથે વૈશ્વિક ઉદ્દેશોને પાર પાડવામાં ભારતની ભૂમિકા ખૂબ જ અગત્યની છે જેનો અહેસાસ થાય છે.
- વિશ્વના દેશો જ્યારે ભારત આવશે ત્યારે વિશ્વ ભારતના હેરિટેજ, કલ્ચર, નેચર, કેપેબલ હોસ્ટ, વિકાસ, વિવિધતા, તાકાત, વિરાસત, સંસ્કૃતિ, સભ્યો અને મજબૂત લીડર શિપથી પરિચિત થશે.
- G - ૨૦નો લોગો અને થીમ જોઈએ તો ધ્યાન આવશે કે તેમાં ભારત દેવનાગરી લિપિમાં લખેલું છે. જયારે થીમ વસુધૈવ કુટુમ્બકમની રાખી છે. ભારતના G20 અધ્યક્ષતાનો વિષય - 'વસુધૈવ કુટુમ્બકમ્' અથવા 'એક પૃથ્વી - એક કુટુંબ - એક ભવિષ્ય' - મહા ઉપનિષદના પ્રાચીન સંસ્કૃત પાઠમાંથી લેવામાં આવ્યો છે. આવશ્યકપણે, આ વિષય જીવનનાં તમામ સ્વરૂપો – માનવ, પ્રાણી, વનસ્પતિ અને સૂક્ષ્મ જીવો – અને પૃથ્વી અને વિશાળ બ્રહ્માંડ પરના તેમના આંતરસંબંધોની પુષ્ટિ કરે છે. લોગો અને થીમ એકસાથે ભારતના G20 પ્રમુખપદનો એક શક્તિશાળી સંદેશ આપે છે, જે વિશ્વમાં બધા માટે સમાન અને ન્યાયી વિકાસ માટે પ્રયત્નશીલ છે. G20 પ્રેસિડેન્સી એવા પડકારજનક સમયમાં આવી છે જયારે વિશ્વને એક ટકાઉ, સર્વગ્રાહી, જવાબદાર અને સમાવિષ્ટ નેતૃત્વવાળા દૃષ્ટિકોણની જરૂર છે. ભારત માટે G20 અધ્યક્ષપદ 'અમૃત કાલ'ની શરૂઆત દર્શાવે છે, જે 15 ઓગસ્ટ 2022, સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠથી શરૂ થાય છે, જે માનવ-કેન્દ્રિત અભિગમ દ્વારા લાક્ષણિકતા ધરાવતા ભવિષ્યવાદી, સમૃદ્ધ, સમાવેશી અને વિકસિત સમાજનું નિર્માણ કરવા માટે થાય છે.
- આપણે જયારે વસુધૈવ કુટુમ્બકમ્ કહીએ છીએ ત્યારે એ આપણે ચરિતાર્થ કરીને બતાવ્યું છે. ૨૦૧૪માં માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી વિશ્વના કોઈપણ દેશને સંકટમાં ભારતે મદદ કરી છે.
- G20 પ્રેસિડેન્સી દરમિયાન ડેલિગેટ્સ અને રાજદ્વારીઓ સહિત મોટી સંખ્યામાં વિદેશી મહેમાનો ભારતની મુલાકાત લેશે, આ પ્રવાસનને પ્રોત્સાહન આપવા તેમજ સ્થાનિક ઉત્પાદનો વિશે જાગૃતિ વધારવાની એક શ્રેષ્ઠ તક છે. જે સ્થાનોમાં G20 મીટિંગ યોજાશે ત્યાં સ્થાનિક સંસ્કૃતિ, ખોરાક, વારસો, નૃત્ય અને સંગીતને મહત્તમ રીતે એક્સપોઝર કરવા માટે રચાયેલ ઇવેન્ટ્સ જોવા મળશે. આપણે જે અભિગમ અપનાવવો જોઈએ તે આપણી 'અતિથિ દેવો ભવ'ની પરંપરાને અનુરૂપ રાખવામાં આવશે.
- વિદેશી મુલાકાતીઓ પણ આપણા અર્થતંત્ર અને સમાજના



પરિવર્તનના સાક્ષી બનશે, જે નવા ભારત તરફની આપણી યાત્રાનો એક ભાગ છે. ખાસ કરીને, આપણી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, ટેક્નોલોજી ડેવલપમેન્ટ અને માનવ-કેન્દ્રિત વિકાસ તેમના રસ અને ધ્યાનના વિષયો હશે.

- ન્યુ ઇન્ડિયા પથદર્શક હોવાના કારણે, વિદ્યાર્થીઓ અને યુવાનો આ પ્રસંગ માટે ભારતના શ્રેષ્ઠ સાંસ્કૃતિક રાજદૂત છે. જેમ કે વિશ્વના વિવિધ ભાગોમાંથી લોકો ભારતીય રાજ્યોની મુલાકાત લે છે, તો સંબંધિત રાજ્યોના યુવાનોએ તેમને તેમના રાજ્યને જાણવામાં મદદ કરવી જોઈએ.
- G20 મુખ્યત્વે વિકસિત રાષ્ટ્રોથી બનેલું હોવાથી, વૈશ્વિક દક્ષિણનો અવાજ બનવાની જવાબદારી પણ ભારતની છે. દેવું અને આર્થિક સ્થિતિ, પુનઃપ્રાપ્તિ તેમજ ઊર્જા, ખાદ્ય અને ખાતરની સુરક્ષા અંગેની તેમની ચિંતાઓ ગંભીર છે. G20ની શરૂઆતમાં જ વડાપ્રધાન મોદીએ 'Voice of the Global South' સમિટનું આયોજન કર્યું, જેમાં 120થી વધુ દેશોને તેમનાં મંતવ્યો અને પ્રશ્નોની ચર્ચા કરવા માટે ભેગા કર્યા.
- વર્ષ ૨૦૨૩માં ભારતની પહેલ પર "International Year of Millets" તરીકે ઊજવવામાં આવશે. તમામ G20 ઇવેન્ટ્સમાં આપણી પોતાની બાજરીની વાનગીઓનો ભોજનમાં સમાવેશ કરવામાં આવશે.
- G20 આપણને 'Make in India' અને 'Vocal For Local' જેવી વિકાસલક્ષી પહેલોને હાઇલાઇટ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. G20 ની વિવિધ ઇવેન્ટમાં 'One District One Product' હેઠળ નક્કી કરવામાં આવેલ વસ્તુની જ ભેટ આપવામાં આવશે.
- વર્તમાન સમયે ભારત દુનિયામાં સૌથી વધુ ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. તમામ ક્ષેત્રે ભારત મજબૂતાઈથી આગળ વધી રહ્યું છે. તેવા સમયે ભારતને જી-૨૦ની અધ્યક્ષતા મળી છે. મજબૂત અર્થવ્યવસ્થા ધરાવતા શક્તિશાળી ૨૦ દેશોના ગ્રૂપ-સમૂહની આગેવાની એ સામાન્ય વાત નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘ બાદ વિશ્વમાં સૌથી વધુ શક્તિશાળી આંતરરાષ્ટ્રીય સંગઠન હોય તો તે જી-૨૦ છે. આ સંગઠનમાં દુનિયાના પાંચ ખંડોનું પ્રતિનિધિત્વ છે. તેવા સમૂહનું નેતૃત્વ કરવું એટલે સમગ્ર વિશ્વને દિશા આપવાનું કાર્ય છે. આ આગેવાનીથી ભારતની વિશ્વભરમાં નવી ઓળખ ઊભી થશે.
- ૧ ડિસેમ્બર-૨૦૨૨ના રોજ ઇન્ડોનેશિયાના બાલી ખાતે મળેલી જી-૨૦ના ૧૭મા શિખર સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ વર્ષ ૨૦૨૩ માટે જી-૨૦ની અધ્યક્ષતા સંભાળી છે. ત્યારે સમગ્ર દુનિયાની ભારત તરફની નજર બદલાઈ છે. ભારત તરફ મોટી આશા પણ છે. વિકસિત ગણાતા દેશો પણ આવનારા સમયમાં ભારતને ઝડપથી વિકસતા મોટા અર્થતંત્ર અને અનેક મોરચે ભારતનો વિશ્વમાં દબદબો વધી રહ્યો છે તેનાથી પ્રભાવિત છે. કોરોના મહામારી સામે ભારતે મેળવેલી સફળતાથી વિશ્વ અજાણ નથી. હવે સમગ્ર વિશ્વને નવા સકારાત્મક પરિવર્તનની ભારત પાસે આશા જાગી છે. ભારત હવે ખરા અર્થમાં વિશ્વગુરુ બનવા તરફ મજબૂતાઈથી ડગ માંડી રહ્યો છે. સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે.
- રશિયા-યુક્રેન યુદ્ધ મામલે વૈશ્વિક રાજકારણ બે ભાગમાં વહેંચાયેલુ જોવા મળે છે. ત્યારે મોદીજીએ ઇન્ડોનેશિયા પહોંચીને વિશિષ્ટ નીતિનો શંખનાદ કર્યો હતો. હવે યુદ્ધનો સમય નથી. રશિયા-યુક્રેન વિવાદ વાતચીતથી ઉકેલાય તે હિતાવહ છે તેવું જણાવી વિશ્વને ભારતનું વલણ જણાવી દીધું હતું. મધ્યસ્થી માટે ભારત હવે આશાનું કિરણ બન્યું છે. વાત કોરોનાની વેક્સિનની હોય કે રશિયા-યુક્રેન યુદ્ધની હોય આખા વિશ્વની નજર હવે ભારત પર મંડાયેલ છે.
- જી-૨૦ સંગઠન મારફત ભારત મુખ્ય ત્રણ મહત્ત્વના મુદ્દા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે.

(૧) **વૈશ્વિક આરોગ્ય** : કોરોના મહામારીએ સમગ્ર દુનિયાને આપત્તિમાં મૂકી દીધી છે. દુનિયાના અનેક દેશોમાં આરોગ્યને લગતી સુવિધાની સ્થિતિ સારી નથી. ભારતની અધ્યક્ષતામાં આયુર્વેદ, યોગ



અને હોમિયોપથિક વગેરેને સમગ્ર દુનિયામાં ફેલાવવામાં આવે તો વૈશ્વિક સ્વાસ્થ્ય ક્ષેત્રે ભારતનું યોગદાન નોંધનીય બનશે.

(૨)**ડિજિટલ ક્રાંતિ** : ભારત હવે ડિજિટલ ઇન્ડિયા ઝડપથી બની રહ્યું છે. અમેરિકા અને ચીન જેવા દેશો હજુ 'ડિજિટલ કરન્સી' માટે તૈયારી કરે છે ત્યારે ભારતે ડિજિટલ કરન્સી શરૂ કરી દીધી છે. ડિજિટલ સેવા ક્ષેત્રે ભારત અત્યારે અગ્રેસર છે. ભારતની આગેવાનીમાં ડિજિટલ ક્રાંતિ આગળ વધશે. વિશ્વની દરેક ભાષાઓને આઇ.ટી./એ.આઈ. ક્ષેત્રે યોગ્ય સ્થાન આપવું પડશે. આ કૌશલ્યમાં ભારતના યુવાનોની તાકાત મોટી છે. તેની દરેક દેશોએ નોંધ લેવી પડી છે.

(૩)**ઊર્જા** : પેટ્રોલ-ડીઝલના અતિ ઉપયોગને કારણે પ્રદૂષણના વિકટ પ્રશ્નનો સામનો સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. કિંમત પણ આસમાને પહોંચી છે ત્યારે ઊર્જાના નવા સ્રોતો અને વિકલ્પો વિકસિત કરવા પડશે. આ માટે ભારત જી-૨૦ મારફત વિશેષ પ્રયાસ કરનાર છે. આ શક્તિશાળી સમૂહ જી-૨૦ની સામે ચિંતન માટેના અનેક મુદ્દાઓ છે. પરમાણુ નિઃશસ્ત્રીકરણ, ઉપભોક્તાવાદ તેમજ સંયુક્ત રાષ્ટ્રસંઘનું નવીનીકરણ વગેરે અનેક મુદ્દે ભારત વાતચીતની પહેલ કરી શકે તેમ છે. કોવિડ-૧૯ અને યુદ્ધને કારણે સમગ્ર દુનિયામાં મોંઘવારી, બેરોજગારી વગેરે પ્રશ્નો ગંભીર બન્યા છે. ત્યારે ભારતની અર્થવ્યવસ્થા મજબૂત દેખાય છે. જે વિશ્વને દિશા આપી શકે તેમ છે, જેનો વિશ્વને અહેસાસ થઈ રહ્યો છે. ભારત ૨૦૨૩માં પોતાની અધ્યક્ષતામાં બે જૂથોને એક મંચ પર લાવી (સમાધાન)ને વૈશ્વિક રાજકારણને સંતુલિત કરી શકે છે. જી-૨૦ સંમેલન મારફત ભારત વિશ્વના રાજકારણમાં મહત્ત્વનું સ્થાન બનાવી શકશે.

- નરેન્દ્રભાઈ મોદી વડા પ્રધાન બન્યા પછી તેમણે જેટલા વિદેશપ્રવાસો કર્યા છે તેમાં ભારતની સંસ્કૃતિ અને ભારતની ઊજળી બાજુ દર્શાવવાનું ચૂક્યા નથી. વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર ભારત છે. ભારત અનેક ક્ષેત્રે મજબૂત છે. ભારતે જન ધન યોજના, શૌચાલય, ઉજ્જવલા યોજના, રસ્તા, ખેડૂત સન્માન નિધિ સહિત ક્યાં પગલાં લીધાં તેને તેમણે વિદેશમાં જે તે દેશના રાજકીય નેતાઓ સમક્ષ, ત્યાંના વેપારી સમુદાય સમક્ષ, ભારતીય મૂળના લોકોના સમુદાય સમક્ષ મૂકી ભારતની છબી ગરીબ, સાપ-મદારીનો દેશ, અંધશ્રદ્ધાનો દેશ તરીકે હતી તેને બદલી નાખી છે. ભારતના પાસપોર્ટનું વજન વધ્યું છે. વિશ્વના લોકોનો ભારત પ્રત્યે જોવાનો દૃષ્ટિકોણ બદલાયો છે, એ નિઃશંક બાબત છે. યુદ્ધગ્રસ્ત યમનમાંથી ભારતીયોને અને બીજા વિદેશીઓને પાછા લાવવાના હોય કે કોરોનાકાળ દરમિયાન વિદેશથી લોકોને લાવવાના હોય કે પછી યુક્રેન-રશિયા યુદ્ધ વચ્ચે ભારતીય વિદ્યાર્થીઓને પાછા લાવવાના ન હોય, આ દેશોએ યુદ્ધ અટકાવીને ભારતીયોને પાછા લાવવાની અનુમતિ આપી છે. ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાનું મહત્ત્વ વધ્યું છે.

## G20 કઈ રીતે કામ કરે છે?

- G20 બે માર્ગે કામ કરે છે અને બંને માર્ગો સમાંતર ચાલે છે. એક છે આર્થિક માર્ગ અને બીજો પાટો છે શેરપા માર્ગ. આર્થિક માર્ગની ભાળ નાણાપ્રધાનો રાખે છે જ્યારે શેરપા માર્ગની ભાળ સર્વોચ્ચ નેતાઓના પ્રતિનિધિઓ જે શેરપા તરીકે ઓળખાય છે તે રાખે છે. જાણીને આનંદ થશે કે આ શેરપા નામ ભારતીય ઉપખંડની દેન છે. નેપાળ અને તિબેટની સરહદે રહેનારા લોકો જે પર્વતારોહણમાં કુશળ હોય છે તેને શેરપા કહે છે. આ શેરપા પર્વતારોહકો માટે માર્ગદર્શનનું કામ કરે છે. તેનાથી પર્વતારોહકોનો સમય અને શ્રમ બચી જાય છે. તે જ રીતે G20માં શેરપાના લીધે સર્વોચ્ચ નેતાઓનો સમય અને શ્રમ પણ બચી જાય છે યુરોપીય સંઘમાં પણ સભ્ય દેશોના પ્રતિનિધિઓ માટે શેરપા શબ્દનો ઉપયોગ થાય છે. હાલ અમિતાભ કાંત જી-૨૦ના શેરપા છે.

**સ્ટાર્ટઅપ આગળ વધીને**
**વ્યાપક બદલાવ લાવી રહ્યા છે.**
**મારું માનવું છે કે સ્ટાર્ટઅપ નવા**
**ભારતની કરોડરજ્જુ બનવા જઈ રહ્યા છે**
**- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**



# સ્ટાર્ટઅપ્સ

## ઇનોવેટિંગ ફૉર ઇન્ડિયા, ઇનોવેટિંગ ફ્રોમ ઇન્ડિયા

છેલ્લા કેટલાક વર્ષોની અભૂતપૂર્વ વૃદ્ધિના કારણે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું **સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ** બની ગયું છે.

**૧૦૦થી વધુ યુનિકોર્ન** અને **૮૮ હજાર સ્ટાર્ટઅપ્સ,** ભારતમાં થયેલ સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યા છે.

દેશની યુવાશક્તિના વિવેક અને અભિલાષાઓને ઉડાન કરાવતા સ્ટાર્ટઅપ્સ આજે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના **૮૦%થી વધુ જિલ્લાઓમાં** ફેલાયેલા છે.

દેશની નારીશક્તિને પ્રદર્શિત કરતા **મહિલાઓ ૪૭%થી વધુ સ્ટાર્ટઅપ્સમાં નિદેશક**ના પદ પર કાર્યરત છે.

ભારતના સ્ટાર્ટઅપ્સની અપાર ક્ષમતા અને ઉદ્યમશીલતાની તાકાતને **૧૦ હજાર કરોડ રૂપિયાની નાણાકીય સમર્થનથી** પ્રોત્સાહન મળ્યું છે.

આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત કરતા, સ્ટાર્ટઅપ્સને તમામ ક્ષેત્રોમાં **રોજગારીના લાખો અવસરો** ઊભા કર્યા છે.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

## રાજ્યમાં કેન્સરના દર્દીઓને રેડિયો એક્ટિવ સારવારમાં વધુ સુવિધા મળશે

**ધ ગુજરાત કેન્સર એડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયક્લોટ્રોન પ્રોજેક્ટ શરૂ કરવા ૭૦ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**સાયક્લોટ્રોન પ્રોજેક્ટ શરૂ થતાં ભવિષ્યમાં રેડિયો એક્ટિવ પદાર્થનું જ્યારે જોઈએ ત્યારે વધુ ઉત્પાદન થઇ શકશે**

**ન્યુક્લિયર મેડિસીન વિભાગનું પોતાનું સાયક્લોટ્રોન શરૂ થવાથી ભવિષ્યમાં અંદાજે ૧૬,૦૦૦ જેટલા દર્દીઓને કેન્સર તપાસ અને સારવારનો લાભ આપી શકાશે**



આ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અંતર્ગત રેડિયો એક્ટિવ પદાર્થનું ઉત્પાદન કરવામાં આવશે અને તેનો ઉપયોગ યુટિલિટી બિલ્ડિંગની અંદર કેન્સરના રોગના નિદાન તેમજ સારવાર માટે થઈ શકશે. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ખાતે આ પ્રોજેક્ટ શરૂ થવાથી વધુ પ્રમાણમાં ઉત્પાદન ક્ષમતા સાથે જ્યારે જોઈએ ત્યારે રેડિયો એક્ટિવ પદાર્થ મળી શકશે. એટલું જ નહીં, દર્દી-દીઠ તપાસમાં પણ ઓછો ખર્ચ આવશે.

કેટલાક મોલેક્યુલસ એવા હોય છે જેની **half life** થોડી જ મિનીટો માટે હોય છે. આવી કોઈ પણ તપાસ અત્યારે આ ઈન્સ્ટીટ્યુટમાં શકય નથી પરંતુ સાયકલોટ્રોન પ્રોજેક્ટ અન્વયે મશીન ઉપલબ્ધ થવાથી કોઈ પણ તપાસ જ્યારે પણ કરવાની હશે ત્યારે કરી શકાશે.

ધ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ ખાતે ન્યુકિલયર મેડીસીન વિભાગ છેલ્લા ૨૮ વર્ષ કરતા વધુ સમયથી કાર્યરત છે અને આ વિભાગમાં રાજ્ય સરકારની મદદથી સાયકલોટ્રોન પ્રોજેક્ટ હવે કાર્યરત કરવામાં આવશે. આ નવો પ્રોજેક્ટ શરૂ થવાથી ભવિષ્યમાં હાલની સ્થિતીના ચાર ગણા એટલે કે વર્ષે ૧૬ હજાર જેટલા દર્દીઓને તપાસ અને સારવારનો લાભ આપી શકાશે. આ ઉપરાંત ભવિષ્યમાં જી.સી.આર.આઈ.ની અન્ય હોસ્પિટલો કે સેન્ટર્સ એવા સિદ્ધપુર, રાજકોટ અને ભાવનગરને પણ મટિરિયલ સપ્લાય થઈ શકશે.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.